સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

એમની સાથે સંબંધો વચ્ચે ઉંડી ખાઇ છે,
છતાં આપણે પંચશીલના ગીતા ગાઇ છે!
રાઇ છે એના મનમાં, નજર સીમા પર -
પકડ્યું છે નાડું 'હિંદી-ચીની' ભાઇ-ભાઇ છે.
(લડાખમાં ઘૂસણખોરી)

હાઈકુ

જન્મ દિવસે,
શુભેચ્છા-આશીર્વાદ,
ગુજરાતનાં..
(હીરાબા = ગુજુ જનતા)

આવતા રહો!
સાફ-સફાઇ માટે -
દર મહિને..
(તંત્રમાં ઐતિહાસિક જાગૃતિ)

ચિંતન

પદે પદે ચ રત્નાનિ યોજને રસ કુપિકાઃ । ભાગ્યહીના ન પશ્યન્તિ બહુ રત્ના વસુંધરા ॥

આ પૃથ્વી અનેક રત્નોથી ભરપૂર છે, પગલે ને પગલે મૂલ્યવાન હીરા-રત્નો છે અને યોજને-યોજને (કિલોમીટરે) રસના કૂવા છે (આનંદ-મંગલ-મનોરંજન આપનારા રસજ્ઞો છે) પણ જેના નશીબમાં આ બધું છે તે તેમને જોઇ પારખી કે માણી શકતા નથી - ઓળખી શકતા નથી.

ઘણીવાર આપણા ઘરમાં, શેરીમાં કે આપણી આસપાસ જ સાહિત્યકાર-જયોતિષી કે કોઇ વિદ્વાન રહેતા હોય છે પણ એમના સફળ-સહજ સ્વભાવને કારણે એમની આસપાસ રહેનારાં જ તેને એમના જ્ઞાનને એમના હૃદય-સ્વભાવને ઓળખી શકતાં નથી અને એનો લાભ લઇ શકતાં નથી એ ખરેખર એમની કમનસીબી છે.

ઘણીવાર સાહિત્યકાર વિદ્વાનની કદર તેમનું ગામ-જિલ્લો કરી શકતું નથી પણ રસજ્ઞો દેશ-વિદેશથી તેની કદર કરી પૂછતાં આવે છે ગામમાં 'તલસીયો' તરીકે ઓળખાતો 'તુલસીદાસ'ની પૂજા બહાર જ થાય છે.

પૃથ્વી રત્નોથી ભરપૂર છે પણ ભાગ્યહીનો તેને જોઇ-પારખી-કદર કરી શકતા નથી.

સુવિચાર

- દીવડો બુઝાઇ શકે પણ પ્રકાશનો ક્ષય થતો નથી - ઝેન કથન
- તમે પોતે નાસીપાસ નહીં થવાનું મનોબળ ધરાવતા હશો તો કોઇ પરિક્ષાનો ચુકાદો તમને નાપાસ નહીં કરી શકે - ચિત્રલેખા
- જે વ્યક્તિ બદલાની ભાવના રાખે છે તે વાસ્તવમાં પોતાના ઘા તાજા રાખ છે - જેમ્સ ફેલોસ
- જે લખાણ બીજાને ઘડે, તે લખાણ લેખકને પણ એ જ વખતે ઘડતું રહે, તે લખાણ અદ્‌ભૂત ગણાય - ખલીલ જિબ્રાન
- જયારે તમે તમારા અંતર સાથેની વિચારમાળામાં આનંદ નથી લેતા હોતા, ત્યારે તમે વાતચીતની શરૂઆત કરતા હોવ છો - રજનીશ
- વારંવાર પ્રયત્ન તથા પરિશ્રમ કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે, શત્રુ મિત્ર બની જાય છે. ક્યારેક ઝેર પણ અમૃત બની જાય છે - વાલ્મિકી

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજના યુગમાં વડીલો પ્રત્યે માન-સન્માન હોય એવા પુત્ર-પૌત્રો ભાગ્યશાળીના ઘરમાં જ હોય જયારે પુત્રવધુ પણ ભણેલી અને કમાતી-ધમાતી હોય એટલે એ પણ સાસુના દાબમાં તો ન જ હોય, સાસુને દાબમાં ન રાખે તો ભાગ્યશાળી.

એમાં વળી સાસુ લાગણીશીલ કે થોડું ભણેલી પણ હોય તો વળી વડીલ-પણું કરવા જાય ઘરમાં બધાં ને સલાહસૂચન-મત-અભિપ્રાય-દોરવણી આપ્યા જ કરે - જે નવી પેઢી ને જરા પણ 'સ્વીકાર્ય' નથી હોતું અહીં જ પડ્યું હોય છે સંઘર્ષ-ઘર્ષણ-કંકાસ-નું બીજ.

આવી ટેવવાળા એક માજી રડતાં રડતાં સંત પાસે ગયાં. કહ્યું 'ઘરમાં બધાં વાતે વાતે મારું અપમાન કરે છે' કહી થોડાં દૃષ્ટાંત કહ્યાં.

સંત સમજી ગયા - માજી ને પોતાને જે સત્ય લાગે તે બધું બોલવા ખપે છે. બધી વાતમાં પોતાનું 'ડબ્બું' તો હોય જ. એટલે અપમાનિત થાય છે. સંત કહે મારી પાસે પૂજાનું મંત્રિત પાણી છે. ઘરમાં જયારે ચર્ચા-વાદ-વિવાદ શરૂ થાય ત્યારે એ પાણી મોઢામાં ભરી રાખવું. કંઇ બોલવું નહીં. ચર્ચા પૂરી થાય એટલે એનો કોગળો કરી બહાર નાખી દેવો..

સંતે પાણીની બોટલ આપી. માજીએ સૂચનાનું બરાબર પાલન કર્યું. ડાઇનીંગ ટેબલ પર જરાક ચર્ચા શરૂ થાય ને માજી મોઢામાં પાણી ભરી લે.. સાંભળ્યા કરે બોલે નહીં. માથું હલાવી હા-ના કહે..

બે-એક મહિના પછી માજી ખૂશ થઇ સંત પાસે ગયા હવે કોઇ અપમાન કરતું નથી બધાં માન રાખે છે, પણ પાણી ખલાસ થવા આવ્યું છે. બીજું દેજો!

સંત કહે, એ સાદું પાણી જ હતુ. સાચી યુક્તિ તો 'મૌન' રહેવાની છે. વૃદ્ધાવસ્થામાં મૌન રહેવું કોઇ પુછે તો જ અભિપ્રાય આપવો.

Email - sureshchandrabhatt18@gmail.com

પ્રેમનો ચિત્કાર!! હમસે કા ભૂલ હુઇ જો યે સજા હમકા મિલી...!!

જયારથી એનાં પ્રેમનાં ગળાડુબમાં છું, ત્યારથી જગત આખું વિરોધમાં છે
હોય છે માણસ પ્રમાણે સત્ય નોંખા, મારું એ મારી કથાના બોધમાં છે

હેલ્લો ફ્રેન્ડ્સને મળેલો એક ઈમેઈલ... મારું નામ સરોજ છે. હું તમને આ લેખ મોકલાવું છું, જે સત્ય ઘટના જે મારા પરિવારમાં બની છે. તમે તમારી કોલમમાં છાપજો અને મારી સંવેદના તમારાં યુવા વાંચકો સુધી પહોંચાડશો તો તમારી જીંદગીભર આભારી રહીશ.

આ ઈમેઈલ હું એક 'ડમી' આઈડી પરથી મોકલી રહી છું. મારાં ઘરમાં ઈન્ટરનેટ, ફેસબુક, વોટ્સઅપ વગેરે વાપરવાની છૂટ નથી. હું તમને મારા ફેમિલીના સાચી વાર્તા કહેવા માંગુ છું. અમે લોકો ગુજરાતનાં પાલનપુરના છીએ. પણ ગાંધીનગરમાં જ રહીએ છીએ. હું ૧૭ વર્ષની છું અને હું જે વાત જણાવી રહી છું તે દુનિયા સઘળાં મા-બાપ અને ભાઈ માટે છે. આ એક એવી ઘટના છે જે મેં આટલી નાની ઉંમરે ફક્ત એક ડાયરીના પાના વાંચી સમજી લીધી છે. પણ અફસોસ કે મારાં પરિવારજનો હજી સુધી આ વાત સમજી શક્યાં નથી...

મારી એવી ઈચ્છા છે કે તમે આ હકીકતને 'મા, બાપ અને ભાઈને એક દીકરી-બહેનનો વિનંતી ભર્યો પત્ર' એ શિર્ષક હેઠળ છાપો. અમે ચાર બાઈ બહેન છીએ. હું સૌથી નાની. મારાથી મોટી મારી એક બહેન હતી જે ખુબ જ સુંદર હતી. એટલા માટે કે હવે એ ફાની દુનિયામાં નથી. ઘરનાં બધા લોકોનું એ ધ્યાન રાખતી હતી. ખુબ જ પ્રેમાળ હતી. સામે જ એની લાલ રંગની ઓઢણી પડી છે, અને આ ઓઢણી સાથે જ એની વાત સંકળાયેલી છે...

મારી બહેનને હું પ્રેમથી સ્વીટી દીદી કહી બોલાવતી હતી. તેનાથી એક ભૂલ થઈ ગઈ. એ કોઈકને પ્રેમ કરી બેઠી હતી. એ છોકરો એના કોલેજમાં હતો. એક દિવસ એ બંનેને મારા પિતાજી સરિતા ઉદ્યાનમાં જોઈ ગયાં, અને વાત ઘરમાં પહોંચી ગઈ, દીદી પર બંધનો વધી ગયા. એને ચેતવણી અપાઈ ગઈ અને છોકરાને મળવા પર મનાઈ ફરમાવી દીધી. મારો ભાઈ દીદીની બધી હરકતો પર ધ્યાન રાખતો થઈ ગયો એનો મોબાઈલ પણ ચેક કરવા લાગ્યો...

મારી બીજી મોટી દીદી સ્વીટીને ટોણા મારતી અને માનસિક ત્રાસ આપતી, મશ્કરીઓ પણ કરતી. મને આ જોઈ ગુસ્સો આવતો પણ હું નાની હતી, મારું કશું ચાલતું નહીં. મારા મમ્મી-પપ્પાએ એકવાર પણ ના પુછ્યું કે છોકરો શું કરે છે? કયાં રહે છે? કયા સમાજનો છે? દીદીએ કહેવાની હિંમત કરી નહીં, કારણ એને ખબર જ હતી કે એનું કોઈ સાંભળશે નહીં. અમારા સમાજનાં પ્રેમલગ્ન કે પરજ્ઞાતિ લગ્નને મંજૂરી નથી. દીદી મારી સમજદાર હતી. એમે મા-બાપની આજ્ઞા માથે ચઢાવી કયારેય એ છોકરોને ન મળી...

થોડોક સમય બધું વ્યવસ્થિત ચાલ્યું, પણ બે વર્ષ પહેલાં પરણીને સાસરે ગયેલી મોટી બહેનનાં છૂટાછેડા થતાં પાછી આવી ગઈ. ભાઈનું સગપણ ત્રણ-ત્રણ વાર તુટ્યું. ઘરવાળા પોતાના ફુટલા નસીબનો વાંક કાઢતા હતા. એવામાં સ્વીટી દીદીની વ્યથા સાંભળવા કોણ નવરું હતું? તેમને મારી દીદીનાં પ્રેમનો રૂંધ્યો હતો. મોટી બહેન અને ભાઈના અનુભવનો ગુસ્સો સ્વીટી પર નીકળતો. માબાપે કયારેક એની સાથે પ્રેમથી વાત ન કરી કે એક વાર એમેય ના પુછ્યું કે શું તું સાચ્ચે જ છોકરોને ચાહે છે??

મારો ભાઈ ઘણી છોકરીઓ જોડે ફોન પર વાતો કરતો. પણ જો સ્વીટીને કોઈ છોકરા સાથે ફોન પર વાત કરતી સાંભલે તો એ ઉલટ તપાસ ચાલુ થઈ જતી. એટલું જ નહી એના મોબાઈલમાં કોઈ છોકરાનો પોન નંબર પણ સ્ટોર થયેલો એમને ચાલે એમ નહોતો. ટીપીકલ ટ્રેડિશનલ ગામડીયો અમારો પરિવાર છે... મારી મમ્મીએ ભાઈ માટે છોકરીઓ જોવાનું ચાલુ જ રાખેલું. જે કોઈ માગા આવતા એ સાટા માટે જ આવતા. ભાઈમાં તો બહુ ભલીવાર નહોતો પણ સ્વીટી સુંદર અને ગુણવાન હતી. એટલે સ્વીટીને વહુ બનાવવા માટે તેઓ એમની દીકરી મારા ભાઈને આપવા તૈયાર થતાં...

મારી દીદી ફાર્મસીનું ભણેલી. અને ભાઈ માટે જે માંગા આવતાં એ ગામડાનાં જ આવતા એટલે સામે છોકરો ગામડાનો જ રહેતો. મારી મમ્મી-પપ્પા એને ગામડે મોકલવા તૈયાર હતા. દીદીને માત્ર એનું ભણેલાની નોકરી મળે અને શહેરમા રહેવા મળે એવી ઈચ્છા હતી. પણ ભાઈને સારી છોકરી મળે એ માટે તેઓ સ્વીટીને ગમે તેવા છોકરા સાથે પરણાવવા તૈયાર હતા...

દીદીનું નસીબ વાંકુ... એની ફાઈનલ એકઝામનું પરિણામ આવ્યું અને એ એમાં ફેઈલ થઈ. ઘરવાળાને મનગમતું જમણ મળી ગયું. એ હજી છોકરાના જ વિચારમાં ભમતી હશે. ખોટા નામ પર એ એની સાથે ફોન પપર વાતો કરતી હશે. પ્રેમમાં પાગલ થાય એની આજ અવસ્થા થાય.. જેવા મહેણાટોણા શરૂ થયા અને દીદી ખુભ રડેલી, એમાં મેં એને કંપની આપેલી, મારી દીદી સારી છે નો મને પુરો ભરોસો...

દીદીને ડાયરી લખવાની આદત હતી. એ કોઈને કાંઈ કહી શકતી નહીં પણ બધી વ્યથા ડાયરીમાં ઠાલવતી. મેં એની ડાયરીમાં વાંચેલુ કે, 'બધાંને એમ કે હું એને મળું છું, અને એટલે જ આ પરિણામ આવ્યું છે પણ હકીકત એ છે કે મને એનાથી દૂર કરી અને એની સીધી અસર મારા અભ્યાસ પર પડી છે હું એને માબાપ ના પાડ્યા બાદ કયારેક મળી નથી, પણ યાદ તો આવે જ ને? મેં સાચો પ્રેમ કર્યો છે. એને કેવી રીતે ભૂલી જાઉં? પ્રેમ હંમેશા મળે એ જરૂરી નથી, પણ એને મનમાંથી કેવી રીતે દૂર કરી શકાય?'

એણે એ પણ લખેલું કે હું લગ્ન કરી ગામડે જવા નથી ઈચ્છતી. મારી મંઝિલ તો પહેલેથી જ અહીં શહેરમાં છે. જેને હું પ્રેમ કરું છું તેની સાથે... પણ આ વાત હું પરિવારમાં કહી જ ના શકું, કહ્યા વિના એ તો સમજી શકશે નહીં. કદાચ હું એમને કહીશ તો એ એમની જીદ છોડશે નહીં. ઘર છોડીને ભાગી જઈ એમની બેઈજ્જતી કરવા જેવી ખરાબ હું નથી. હું જાણું છું કે પ્રેમ કરવાની ભૂલ કરી છે... જેની સજા મને ઘરવાળાએ આપી છે, જે નસીબમાં હોય તે કબુલ...

દીદીએ લકેલું હું કોઈ પણ મંદિરમાં જાઉં તો ભાઈ માટે પ્રાર્થના કરું છું. ભાઈ એક વાર કોઈક છોકરીના પ્રેમમાં પડે, અને અનુભવે કે પ્રેમ શું છે? પ્રેમ કરવો એ કોઈ પાપ નથી. મેં પ્રેમમાં કોઈ ખોટું પગલું ભર્યું નથી. અને હા ભાઈ તને દુનિયાની સુંદર છોકરી મળશે એવા આશીર્વાદ પ્રભુ પાસે માંગ્યા છે... મમ્મી માટે લખેલું છે કે, 'મમ્મી મારો શો વાંક હતો? મને ગમે તેવા ગામડાનાં છોકરા સાથે પરણાવવાં રાજી થઈ ગયાં? અને પપ્પા તમને તો હું મારા શ્રેષ્ઠ મિત્ર સમજતી હતી. જેમની સાથે હું બધી વાતો શેર કરતી હતી... પણ આજ વાત તમને ન કરી શકી કે પપ્પા જેને હું પસંદ કરું છું તેને એકવાર જોઈ તો લો? અને તમને ગમે તો જ એની સાથે લગ્ન કરાવજો... પપ્પા, એ મને ખુબ પ્રેમ કરે છે, એના વિના હું જીવી નહીં શકું...'

અને એનાં બીજે જ દિવસે દીદીએ એને રૂપાળી દેખાતી એવી ઓઢણીને જ ગળે ફાંસો લગાડીને પંખે લટકી ગઈ હતી... એનાં ચહેરા પર કશું નહીં કહી શક્યાનાં ભાવ વંચાતા હતા... કેટલું દુઃખ અને ઈચ્છાઓને એણે ગળે લગાડી હતી. એની મનની ઘુંટન હું સમજી શકું છું. દુઃખએ વાતનું છે કે એની લાગણી એની ખામોશીને કોઈ સમજી શક્યું નહીં. એની ડેડ બોડીને વળગીને જયારે માબાપ રડતાં હતા ત્યારે મને એમની દયા આવી કે એમને જ કહેવું કે તમે જ આની આત્મહત્યા માટે જવાબદાર છો?

મારી હાથ જોડીને વિનંતી છે કે દરેક માબાપ એકવાર એની દીકરાને એના દિલની વાત પૂછજો, એનાં લગ્ન ગમે ત્યાં કરાવતાં પહેલાં એની મરજી પૂછજો, એ પ્રેમ કરતી હોય તો એનાં પ્રેમને માન આપજો, છોકરાને મળજો અને પછી જ હા કે ના નો નિર્ણય કરજો. તમારી દીકરીને જીવતી જ મારી ના નાંખશો...

ચૂંટલો :

સમાજમાં સ્ત્રીભૃણ હત્યાની અનેક ચર્ચાઓ થાય છે, પણ ઘરમાં જ ઉછરેલી વ્હાલના દરિયા જેવી દીકરીને પ્રેમપ્રકરણના નામે ટીકા કરી આત્મહત્યા સુધી ધકેલાય છે, ત્યારે એમ જ લાગે છે એનાં કરતાં તો ગર્ભમાં પતાવી હોય તો વધુ સારું થાત!!

શ્રેયા મેડમે તીચ્છી નજરે અધ્યાપકો તરફ જોયું, પિતા પોલીસના ઉચ્ચ અધિકારી પોતે ઈન્કમટેક્ષ ઓફીસર, તો સમજોને કે આ લગ્ન કોઈ દબાણ કે મજબુરી વશ નહીં પણ બંનેની સંમતિથી થયાં છે

નવાં કલેવર
નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

'એમને બોલાવડાવો. પાર્ટી તો બનતી હે'

'સેટર ડે સન્ડે તેને રજા હોય છે. જોઈએ વાત : કહું છું.'

શુકવારની રાતે તરૂલતા આવી ગઈ.

ભાસ્કર સરે રવિવારે શહેરની સૌથી સારી હોટલમાં સૌ માટે ડીનર પાર્ટી ગોઠવી બધા અધ્યાપકો સપરિવાર આવ્યા. ભાસ્કર સર અને તરૂલતા આવનારાઓનું સ્વાગત કરતા હતા. વાદળી સૂટમાં ભાસ્કર સર નમ્રતાપૂર્વક વિવેક કરતા હતા. આસમાની રંગની સાડીમાં તરૂલતાને જોઈ અધ્યાપકો ગુંચવાયા હતા. ઉપરથી જોતાં કંઈ એવું લાગતું નહોતું. ભાસ્કરની પત્ની રૂપે તરૂલતા ખુશ હોય એવું લાગતું હતું. છતાં કોઈકે જરા મજાકમાં કહ્યું.

'જોડી જામે છે હોં!'

'તરૂલતાએ હસીને કોમ્પ્લીમેન્ટ સ્વીકારી અને આભાર વ્યક્ત કર્યો.'

એક અધ્યાપકે તરૂલતાને કવર આપવા હાથ લંબાવ્યો અને કહ્યું 'મને કોઈ લેડી ઓફીસર સાથે હાળ મિલાવવાનો મોકો મળ્યો નથી. તમે ઓફીસર છો તો તમારાથી હાથ મિલાવવા માંગુ છું.'

તરૂલતાએ નમન કરતાં હાથ જોડ્યા, 'આપણા દેશમાં નમસ્તેનો રિવાજ છે. અમે ભેટ કે રોકડ કંઈ લેતાં નથી. કવર તમારી પાસે જ રાખો.'

કવર પોતાના ખિસ્સામાં મુકતા અધ્યાપકના ચહેરાનો રંગ ઉઠી ગયો. તે ખસિયાણો પડી ગયો.

ભાસ્કર સર અને તરૂલતા મહેમાનોનું સ્વાગત કરી તેમને પાછળના ભાગે વૃક્ષો પર ઝગમગતી રૌશની તરફ આવેલ વિશાળ લોન તરફ મોકલતાં હતા. કેમ કે જમવાની વ્યવસ્થા ત્યાં જ હતી. નિર્ધારીત મહેમાનો આવી ગયા એટલે ભાસ્કર સર અને તરૂલતા પણ લોન તરફ આવી ગયાં. તરૂલતાએ ભાસ્કર સર પાસે શ્રેયા મેડમની ચર્ચા સાંભળી હતી. તે શ્રૈયા મેડમ જમતા હતા ત્યાં આવી ઊભી રહી.

'તમને મળીને આનંદ થયો, સર, તમારા બહુ વખાણ કરે છે.'

મારાં? ઓહ ગોડ' શ્રેયા મેમ તરૂલતાને આત્મીયતાથી જોઈ રહ્યા. બંનેને વાતો કરતાં જોઈ આજુબાજુ ઊભેલા અધ્યાપકો ટોળે વળ્યા. ભાસ્કર સર બીજા છેડે મહેમાનો સાથે વાતે વળગ્યા હતા. ત્યાં સુધીમાં તરૂલતાની વાતોથી જાણી શકાય એમ હતું કે લગ્ન કોઈના દબાણ કે મજબૂરીમાં થયાં છે. લેડી અધિકારી સાથે હાથ મિલાવવાની તમન્નાવાળા પેલા અધ્યાપક બોલ્યા.

'તરૂલતા બહેન તમે પણ કંઈક લો.'

'આજે હું બધાને જમાડીને જમીશ.'

'તમે કંઈ બેચનાં?'

૨૦૦૯, આમ તો હું આઈ.પી.એસ. બનવા માંગતી હતી.

'કેમ?'

'મારા પપ્પા, ડી.આઈ.જી. છે તેથી બાળપણથી જ વિચારતી કે પોલીસ ઓફિસર બનીશ. બે વખત એપીયર થઈ. પણ સીલેક્ટ ન થવાયું. તે દરમિયાન આઈ.ટી.ઓ.માં સીલેકશન થઈ ગયું.'

'ફેમીલીમાં બીજું કોણ કોણ છે?'

'મમ્મી, પપ્પા અને એક ભાઈ છે.'

શ્રેયા મેડમે તીચ્છી નજરે અધ્યાપકો તરફ જોયું. પિતા પોલીસના ઉચ્ચ અધિકારી પોતે ઈન્કમટેક્ષ ઓફીસર, તો સમજોને કે આ લગ્ન કોઈ દબાણ કે મજબુરી વશ નહીં પણ બંનેની સંમતિથી થયાં છે. અધ્યાપકો ખાસ્સા નિરાશ લાગતા હતા. તેમની નિરાશાને વધાવતાં શ્રેયા મેડમ તરૂલતાને કહેવા લાગ્યા.

'તમે કહેતાં હતા કે ભાસ્કર સર મારાં વખાણ કરે છે. પણ હું તો તમારી પ્રશંસા કરતાં થાકુ એમ નથી. તમારી સાદગી બહુ ગમી. તમારું વેડીંગ રિસેપ્શન છે છતાં ન તો ભારે ઘરેણાં છે કે ન તો કોસ્મેટીક્સ.'

તરૂલતા બીલકુલ ભાસ્કર સરની જેમ જ ખુલ્લા દિલે હસી 'મને સિમ્પલ રહેવાનું જ ગમે છે. તમને ખબર છે સરમાં મેં શું જોયું? તેમની સાદગી અને માનવતા. દેખાડામાં કંઈ હોતું નથી. મેડમ, માણસમાં માણસાઈ હોય જોઈએ.'

અધ્યાપકોના ટોળામાંથી ઈશારો થયો. તરૂલતા બહેને આપણા ચહેરાના ભાવો વાંચી લીધા હશે અથવા ભાસ્કર સરે કહી દીધું હશે કે આપણે તેમની પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યા છી. અથવા એ પણ ભાસ્કરની જેમ ફેંકતી હશે.

શ્રેયા મેડમે અધ્યાપકોને વધુ વિચારવા દીધા નહીં. 'ભાસ્કર સર ખરેખર ભલા માણસ છે. પોતાના વિષય પર એમનો એવો કમાન્ડ છે કે સ્ટુડન્ટ તેમનો પિરીયડ કયારેય છોડતા નથી.'

'સર કયાં છે?' તરૂલતા લોનમાં આમ તેમ નજર દોડાવવા લાગી. તરૂલતાને આમતેમ નજર દોડવતાં જોઈ ભાસ્કર સર સમજી ગયા કે મને જ શોધે છે. મહેમાનોને સારી રીતે જમવાનો આગ્રહ કરતા હસતા હસતા એ તરૂલતાની પાસે આવીને ઊભા રહી ગયા. તેમને અધ્યાપક મિત્રોને કહ્યું.

'ભઈ વાતો જ કરો છો કે જમો છો?' બરાબર જમજો હોં!

કોઈ અધ્યાપકે કહ્યું, 'ભાસ્કર તમે કેટલા હસમુખા છો. એમ લાગે છે કે તરૂલતા બહેન ને હસવામાં જ ફસવા જેવું થયું લાગે છે.'

ત્યારે તરૂલતાએ મુગ્ધ ભાવે કહ્યું 'સર મારા હસવામાં ફસાઈ ગયા છે.' આ સાંભળી ભાસ્કર સર જોરથી હસી પડ્યા.

અમુક અધ્યાપકોને એ વાતનું ટેન્શન થયેલું કે ભાસ્કર ને આવી સુંદર અને પ્રભાવશાળી પત્ની કઈ રીતે મળી ગઈ? તો અમુક એવું વિચારતા હતા કે આપણે શું કામ એવું ઈચ્છીએ કે ન મળે.

બીજે દિવસે બધા અધ્યાપકો કોલેજમાં આવેલા પર સુસ્ત અને બેચેન હતા.

એક અધ્યાપકે કહ્યું, 'કંઈ ગરબડ લાગતી નથી એટલે કંઈ હાથમાં આવતું નથી. પણ મને તો લાગે છે કે બંનેની કુંડળીઓ બરાબર મળેલી હોવી જોઈએ. તેથી બંને આટલાં ખુશ જણાય છે.'

કંઈક તો કારણ હશે. તરૂલતા સુંદર છે. ઓફીસર છે. કોઈ હાઈપ્રોફાઈલ ઓફિસર મળી જાત. એ જ સમજાતું નથી કે આ ભાસ્કરમાં છે શું?

અમુક લોકો પોતે આદર્શ છે એવું જતાવવા માંગતા હોય છે. તરૂલતા દુનિયાને બતાવવા માંગે છે કે પોતે યોગ્ય હોવા છતાં ફીઝીકલી ચેલેન્જડ સાથે લગ્ન કર્યા.

જો એવું જ હશે તો બહુ જલદી તરૂલતાને ભાન પડી જશે. કેમ કે લોકો આવા કપલને કાં તો સહાનુભૂતિથી જૂએ છે અથવા શંકા કે મજાકની નજરે.'

'તરૂલતાની ઉંમર કેટલી હશે?'

'૨૦૦૯ બેચની છે. તો ત્રીસ-બત્રીસથી ઓછી તો નહીં જ હોય.'

પાંત્રીસ હશે. આ ઉંમરે કુંવારો કોઈ સહેલાઈથી ન મળે. તેથી ભાસ્કરને પકડી લીધો લાગે છે. તું ય કુંવારો ને હું ય કુંવારી, જોડી જામી ગઈ.

છોકરીની ઉંમર થઈ જાય તો પછી તેણે અમુક બાંધછોડ કરવી પડતી હોય છે. બાંધછોડ નહીં ચતુર સ્ત્રી છે. એ જાણે છે કે પતિમાં ખોડ હોય તો એ ખિદમતગાર બનીને રહે છે.

'ગમે તે પણ ભાસ્કર નસીબવાળો તો છે.'

'જોઈએ કયાં સુધી નબીસ સાથ આપે છે.'

જયાં તરૂલતાનો પ્રેમનો ઉભરો જરા ઠંડો પડશે ત્યાં જ ડીવોર્સના સમાચાર સાંભળવા મળશે.

જે થાય એ આપણે આપણું બી.પી. શું કામ વધારવું પડે? આમ તો તરૂલતા બહેન ખુશ અને ટેન્શન ફ્રી દેખાય છે. ભાસ્કર સરની સાદાઈ અને માનવતા તેને સ્પર્શી ગઈ લાગે છે. મોટા ભાગના અધ્યાપકોને બધુ બરાબર લાગતું હતું. પણ સ્વીકારવા કોઈ તૈયાર ન હતા.

- vanvihari@gmail.com

પ્રેમ અને સંસ્કાર વિના કશું ટકી શકે નહીં

ગુલમહોર
- દિનેશ દેસાઈ

એક વાર મા.શ્રી લક્ષ્મણરાવ (વકીલ સાહેબ) ઈનામદાર (જન્મ તા. ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૭, નિધન તા. ૧૫ જુલાઈ, ૧૯૮૫)એ કહ્યું હતું કે ''જો તમારે નવી પેઢીને કશુંક આપવું જ હોય તો એને પ્રેમ અને સંસ્કાર આપો. કારણ કે પ્રેમ અને સંસ્કાર વિના કશું ટકી શકે નહીં. સમાજની ઉન્નતિ માટે આ બેઉ બાબત મહત્વની છે.''

વકીલ સાહેબ એટલે આર.એસ.એસ.ના નિર્માતા ડૉ.હેડગેવારજીએ શરુ કરેલી મહારાષ્ટ્રના સતારા ખાતેની સંઘની શાખાના એક અદના સ્વયંસેવક. સને ૧૯૪૨માં ''હિન્દ છોડો'' ચળવળ ચાલી રહી હતી ત્યારે તેઓ સંઘના પ્રચારક તરીકે નવસારી, ગુજરાતમાં આવ્યા અને સેવા-સંસ્કાર-શિક્ષણનો ભેખ લઈને ગુજરાતના થઈને રહ્યા. એકવડું શરીર છતા ઊચ્ચ જીવનવિચાર. શાંત પ્રકૃતિ અને મૃદુ છતા મક્કમ અવાજ. સૌ પ્રત્યે આત્મીય વ્યવહાર છતા બંધનમુક્ત સંબંધની જીવનવિભાવના. જીવનમાં સાદગી અને સુઘડતા. તેઓ નવસારી આવ્યા ત્યારે જ તેમણે ''અભિનવ મૃત્યુ''નું વરણ – શરણ સ્વીકાર્યું હતું. શરીર નહીં, બલકે ઈચ્છા-લાલસા-કામનાઓને સ્વહસ્તે જ અગ્નિદાહ દેવો. અકિંચન અને અપરિગ્રહ વૃત્તિ. ગુજરાતને ઘર બનાવીને ચાર દસકા સુધી તેઓએ અવિરામ કાર્ય કર્યું.

તમે તમારા બાળકોને પ્રેમ કરો છો એટલે જ એને સંસ્કાર આપીને શિક્ષિત અને દીક્ષિત કરો છો. આ એક સર્વમાન્ય સત્ય છે. એક સવાલ દરેક મા-બાપે પોતાની જાતને પુછવો જોઈએ. શું તમે તમારા સંતાનોને પ્રેમ અને સંસ્કાર આપો છો? જ્યારે તમે તમારા સંતાનોને તમે પ્રેમ અને સંસ્કાર નથી આપતા ત્યારે પણ તમારા સંતાનો તો તમારી પાસેથી એ બધું શીખી જ રહ્યા હોય છે, જે તમે કરી રહ્યા હો છો. તમારી વાણી, તમારું વર્તન અને તમારા વ્યવહારનું સંતાનો સીધું જ અનુકરણ કરતા હોય છે. તેમના માટે અનુકરણ જ એક માત્ર અને બહેતર હાથવગો ઉપાય હોય છે. સંતાનો માટે મા-બાપ જ હંમેશા ફર્સ્ટ-હૅન્ડ અવેલેબલ રૉલ-મૉડલ હોય છે. ''?''

શિક્ષક હોય કે મા-બાપ હોય, તેમનાં સંતાનોને બાળપણથી જ જીવનમાં શિસ્ત, ક્ષમા અને કર્તવ્ય શીખવવાની જવાબદારી છે. બાળકોનાં આચારવિચાર, વાણી, વર્તન શુદ્ધ હોય, સાત્વિક હોય, સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય, ક્ષમા, પ્રામાણિકતા અને વફાદારીનાં ગુણોનું સિંચન થયું હોય એ જરુરી છે

સામાન્ય રીતે એક સંયુક્ત પરિવારમાં નવજાત શિશુના ઉછેરમાં ઘરના બધા લોકોનો પ્રેમ અને સંસ્કાર એક સાથે મળી રહેતો હોય છે. પરંતુ આજની ન્યૂક્લીઅર ફેમિલી – વિભક્ત પરિવારની રહેણીકરણીમાં સંતાનો એ જ શીખે છે કે જેવું તેઓ પોતાનાં મા-બાપને કરતા જુએ છે. મા-બાપના બોલચાલ, રહેણીકરણી અને હાવભાવની છાપ આ સંતાનો પોતાનામાં અંકિત કરી લેતાં હોય છે. જેની મા-બાપને ખબર નથી હોતી અથવા હોય છે. બાળકના બાળપણનો જે વાતાવરણમાં ઉછેર થયો હોય તેની સારી-નરસી અસરો વ્યક્તિના સમગ્ર જીવન દરમિયાન રહેતી હોય છે.

એક વર્કિંગ કપલનો કિસ્સો સમજવા જેવો છે. પતિ જન્મે જ મધ્યમ વર્ગના સાધારણ પરિવારમાં ઉછરેલા. પોળના છાપરાવાળા જીર્ણશીર્ણ મકાનમાં અગવડો વચ્ચે રહીને મોટા થયા. ઉચ્ચ શિક્ષણ થકી રોજગારી પણ મળી અને લગ્ન હેતુ કન્યા પણ ભણતરના જોરે મળી. પરંતુ અગવડભર્યા જીવનના કારણે સ્વભાવ કંજુસ બની ગયો. મંદિર તો નહીં જવાનું પણ દાન-પૂણ્યમાં પણ રુચિ નહીં. જો પત્ની કોઈ મહેમાનને ઘરે આમંત્રિત કરે તો સ્વભાવગત જ ના ગમે. એમાં વળી કોઈ મહેમાનને પત્ની જમવાનો આગ્રહ કરે તો બિચારા કંજુસ પતિનો જીવ કપાઈ જાય.

પતિમહાશયની વસુલાત કરવાની એવી કુટેવ કે મહેમાનને સામું પુછી પણ લે કે ''હવે તમારા ઘરે ક્યારે જમવા બોલાવશો?'' આટલું ઓછું હોય તેમ સંતાનોની હાજરીમાં જ મહેમાન પ્રત્યે અણગમાના વિચારો દોહરાવ્યા કરે. પરિણામે સંતાનો ઉપર પિતાના વિચારોની એ અસર થઈ કે પત્નીએ મહેમાનોને નિમંત્રિત કર્યા હોય અને સંતાનો મહેમાનોને મોઢામોઢ એવું કહી દે કે ''તમે અમારા ઘરે ભલે આવ્યા, પરંતુ અમને આવું બધું ગમતું નથી.'' મહેમાનની સ્થિતિ કાપો તો લોહી ના નીકળે, એવી થાય.

પતિ મહાશય ઘા ઉપર નમક લગાવતા હોય એમ પાછા મહેમાનોને કહે કે ''તમે ખોટું ન લગાડશો, એ તો અમારા સંતાનોને આવું કહેવાની ટેવ પડી ગઈ છે.'' હકીકત તો એ હોય કે સંતાનો પોતાના પિતાના વ્યવહારનું જ અનુકરણ કરી રહ્યા હોય. મા બિચારી નાહકની વગોવાઈ જાય, પરંતુ પિતાના સંસ્કારનો કે કુસંસ્કારનો વારસો સંતાનોને મળ્યો હોય. મહેમાનો એમ વિચારે કે મા-બાપે કોઈ સંસ્કાર જ નથી આપ્યાં કે શું? પતિની છત્રછાયામાં જ શીખીને ઉછરેલાં સંતાનો પાછા મહેમાનને એમ